શ્રી આર્ય નૈતિક નાટક સમાજ.

સ્વદેશ સેવા.

નાટકના ગાયનો તથા ટુંક સાર.

વૈદ્ય ભગવાનલાલ ત્રીભુવને છાપ્યું.
ઠેકાણું સુબોધની પ્રેસ, ૩૦૫, બજારગેટ કોટ, મુંબઈ.

કીમત ૩ આના.

॥ ૐ ॥

શ્રી આર્ય નૈતિક નાટક સમાજ.

સ્વદેશ સેવા.

નાટકનો ટુંક સાર તથા ગાયનો.

લેખક—વરતેજવાળા મનહર.

છપાવી પ્રસિદ્ધ કરનાર

નકુભાઈ કાલુભાઈ શાહ.

શ્રી આર્ય નૈતિક નાટક સમાજના માલેક.

હાલ બાલીવાળા ગ્રાંન્ડ થીએટર તારદેવ—મુંબઈ.

સંવત ૧૯૭૪ ઇ. સ. ૧૯૧૮

આવૃત્તિ ૧ લી પ્રત ૫૦૦૦

કીંમત રૂ૦ ૦—૩—૦ (ત્રણ આના).

પાત્ર પિછાન.

પુરૂષ વર્ગ.

આનંદમંગળ—એક રાવબ્હાદુર અને જે. પી. નો ખેતાબ ધરાવનાર અસંસ્કારી લક્ષાપતિ

વિનયકાન્ત—આનંદમંગળનો ફક્કડ પુત્ર, પણ પાછળથી સ્વદેશ સેવાનો સાચો ઉપાસક (આપ્રયોગનો નાયક)

ધનપ્રસાદ—ધન વૈભવનો વિલાસી. શ્રીમંતનો એક સ્વતંત્ર પુત્ર શ્રીમતિનો પતિ.

હિતેચ્છુ—રાવબ્હાદુરનો ખુશામતી સલાહકાર

બુદ્ધિહત—ગરિબાઇના દુઃખોથી કંટાળી બનેલો લુટારૂ, પાછળથી સ્વદેશ સેવા માટેબનેલો વિનયકાંતનો સાચો શિષ્ય

જીવલો—રાવબ્હાદુરનો નિર્મળ હૃદયનો રમુજી નોકર.

ધૈર્યશીલ—દીન માબાપનો એક અનાથ છોકરો

વિમળરાય—મીલમાલીક વિનયકાંતનો બનેલો એક મહા શિષ્ય.

કમુ— } ફાંસીવાઓ.
મુળુ— }

એ ઉપરાંત ગાર્ડ, વિદ્યાર્થીઓ, શ્રીમંત, બાળક, પારસી, ફોટોગ્રાફર ઓપરેટર મીયાં મીલમજુરો છોકરાઓ વિગેરે

સ્ત્રી વર્ગ.

શ્રીમતી—રાવબ્હાદુરની ઉચ્છૃંખલ પુત્રી ધનપ્રસાદનું પ્રેમપાત્ર

સુમતિ—વિનયકાંતની પતિપરાયણ સુશિલ સ્ત્રી.

શાન્તિ—ધૈર્યની બ્હેન એક અનાથ બાલીકા.

નિર્મળા—મીલ માલીકની એક શાણી પુત્રી.

શારદાગવરી—મીલ માલીકની સ્ત્રી નિર્મળાની માતા.

બંસરી—એક શૃંગારી નાયકા.

જીવલી—જીવલાની સ્ત્રી.

ચંદન—બંસરી નાયકાની રૂઢ દાસી.

ઉપરાંત દાસીઓ, બાળાઓ, નાગરિક સ્ત્રીઓ વિગેરે.

સ્થળ—મોહનપુરી અને તેની આસપાસનો પ્રદેશ.

આજે નવો નાટક જોવા તમે
ભલે પધાર્યા.

તમે તમારાં કુટુંબ સહીત આજે તમારી મુબારક
હાજરીથી થીએટરની શોભામાં
વધારોજ કર્યો છે.

પણ તમારી પોતાની શોભા અને શણગારમાં
વધારો કરવાનું તમારા પોતાનાજ હાથમાં છે
અને તે કંઈજ નહી પણ તમારા કુટુંબના બાલ
બચ્ચાં વિગેરે માટે ઝવેરાતની ખરીદી પેલા

મહેતા હરીલાલ રામકૃષ્ણની કંપની

માંથીજ તમારે કરવી

માટે યાદ રાખજો કે બીજીવાર નાટકમાં આવવા અગાઉ
ત્યાં જરૂર ફેરો મારજો તમોને ખચીત લાભજ થશે.

અમારૂં ઠેકાણું નોંધી લેશોજી.

અબ્દુલ રેહેમાન સ્ટ્રીટનાં મુખડાપર
જયાં આવતી જતી ટ્રામો ઉભી રહે છે. ત્યાં
મુંબાઇ બેંકની માંડવીની શાખા સામે
બહાર ગામના ઓડરો વી. પી. થી મોકલાવવામાં આવે છે.

પરિચય.

આજના આમારા પ્રયોગનો પરિચય કરાવવા અગાઉ સર્વત્ર પ્રેક્ષકો પ્રત્યે તે સંબંધે હું થોડો મારા અંતરનો પરિચય કરાવવા ઇચ્છું છું.

પ્રથમ તો સ્વદેશ સેવાની મારી ઉછળતી અભિલાષા માન કલ્પનાઓને તેના મુળ સ્વરૂપમાં એક ઉજ્વળ નાટ્ય સંસ્થા દ્વારા ચપળ ખેલાડીઓના પ્રતિબળથી હું તાદર્શ થતી જોઇ પ્રભુએ આપેલા તે મંગળ પ્રસંગ માટે હું મને કૃત કૃત્ય માનું તો તે એક લેખક હૃદયથી અયોગ્ય તો નહીંજ ગણાય.

સ્વદેશ સેવા એક ગહન વિષય છે, કારણ કે તે એક અજ્ઞાનથી લઇને એક મહા વિદ્વાન પણ સ્વશકિત પ્રમાણે ભિન્ન ભિન્ન રીતે કરી શકે છે, પણ આ પ્રયોગમાં હાલની ગુજરાતી રંગ ભૂમીને અનુસરતું પણ થોડા પગલાં આગળ વધીને એએઉનું મધ્ય બીંદુ ગ્રહણ કરી યથા સર્વાનુકુળ થાય તેવો પ્રયત્ન કરવામાં આવ્યો છે, આશા છે કે આવા કાર્યોને પ્રજાગણ જો ઉત્તેજક થશે, તો નાટક શાળાઓ આનંદ સ્થાન સાથે સામાજીક શિક્ષણ શાળાનું સ્થાન પણ લેશે અને શેકસપીયર, શેરીડન, આદિ જેમ Nation Builder નું માન મેળવી ગયા છે. તેમ સમર્થ નાટયકારો હિન્દુસ્તાન માટે કદાચ તે સ્થાન મેળવી શકશે.

આજ કાલ નાટકો માટે જાહેર પ્રજા, વિદ્વાન વર્ગ, અને વર્તમાન પત્રોમાં ઘણી ઘણી ચર્ચાઓ થાય છે, જેમાંની કેટલીક ગ્રાહ્ય અને કટલીક તો ઉપસ્થિત થએલી માત્ર કલ્પનાઓજ હોય છે પણ નાટ્ય સંસ્થા અને નાટ્યકારોનું આંતરિક વહન અવલોકયા વિના તેના કાર્ય માટે કંઇપણ અભિપ્રાય આપી દેવો તે શોધક અને ન્યાયી દૃષ્ટિથી નિરાળુંજ ગણાય.

નાટકોમાં આવતા પ્રાસાત્મક છંદોનો અમુક વર્ગ તેવું સંસારમાં બનતું નથી એ બ્હાના તળે અસ્વિકાર કરે છે પણ જેમ સંસારમાં સંગીતથી પણ કોઇ બોલતું નથી તેમ તેવા અભિનય પણ થતાં નથી અથવા તો એક સાથે દસ પાત્રો એકજ જાતની ભાષાના એકજ શબ્દો બોલતા નથી છતાં તે જેમ પ્રસંગાનુંસાર નાટકોમાંનો અંશ હોવાથી દોષિત નથી જણાતાં તેમજો છંદોનો પણ સંભાળથી ઉપયોગ કરવામાં આવેતો તે પણ નાટકના એક અંગનું સ્થાન લઇ શકે છે, એવું ધારી આ પ્રયોગમાં તેને યોગ્ય સ્થળે દાખલ કરવામાં આવ્યા છે.

આપણામાં પશ્ચિમ વાસિઓનું અનુકરણ કરવાનો મહા ચેપ લાગુ પડયો છે પણ આ પ્રયોગ કોઇપણ જાતના ચેપ વિના માત્ર સ્વતંત્ર કલ્પનાઓનુંજ પરિણામ છે.

આ કંપનીના ડાયરેકટર અને સાહિત્ય સૌન્દર્ય યુકત કુશળનટ રા. મૂલચંદ વલ્લભ નાયકનો ઉપયોગી સુચનાઓ માટે હું રૂણી છું તથા માલીકની ઇચ્છાથી આ કંપનીના કવિ રા, રઘુનાથજી

ત્રીભોવનદાસ બ્રહ્મભટેઆ પ્રયોગના ત્રીજા અંકનો પાંચમો પ્રવેશ લખ્યો છે. જે માટે એ ભાઈનો પણ ઉપકાર માનું છું છતાં તેના ગુણદોષથી તો હું નિરાળોજ છું.

હું જાણું છું કે જેમ સાંદર્ય વિનાનું સ્વરૂપ આકર્ષક હોતું નથી તેમ લેખકના લેખ સ્વરૂપનું સાંદર્ય તેનો ભાષા સંસ્કાર છે. જેથી મારી તુલના હું પોતે કરી આત્મ પ્રશંસાનો દોષ નહીં વ્હોરી લેતાં જણાવું છું કે હું ગુર્જરી ગિરાનો એક સમ્પૂર્ણ ભકત છું, છતાં જો કંઇ દોષીત જણાઉં તો હું એક ઇસલામી હોવાથી ક્ષમ્ય છું. અસ્તુ.

મુંબઇ, ૧૮-૪-૧૮ મનહર.

શ્રી આર્ય નૈતિક નાટક સમાજ.

સ્વદેશ સેવા.

નાટકનું ટુંક પ્રવેશ વર્ણન.

મુખ બંધ.

વિશેષે કરીને ગુજરાતી પ્રયોગોમાં જુના રવૈયા મુજબ નાટકનું વસ્તુ સૂચન, સુત્રધાર અને નટી દ્વારા થાય છે. પણ આપણા આ પ્રયોગમાં તેમ નહીં કરતા મંગળ નાન્દી પછી આપણે આપણી હિંન્દદેવી ભારતીને જોઇએ છીએ જ્યારે હિન્દુસ્તાનની ચાર દિશાઓ દેવિઓ રૂપે તેમની સ્થિતી જોઇ આશ્ચર્ય પામે છે ત્યારે પૃથ્વીના અન્ય દેશોની તૂલનામાં મૂકી મહાદેવી ભારતી આ દેશની અજ્ઞાનતાને લઇ શ્રીમંતાઇનો દુરૂપયોગ તથા દેશની કંગાળ સ્થિતિના બે દ્રષ્યો બતાવે છે,

"જે એકમાં એક આનંદમંગળ નામનો શ્રીમંત પોતાના હિતેચ્છુ નામના ખૂશામતીયા નોકર મારફત ખુશામત તથા પૈસાના બળથી પોતે 'જે. પી.' પછી 'રાવબ્હાદુર' નો ખેતાબ મેળવી શકે છે; જેના વિચારમા હજારો રૂપીઆ અજ્ઞાનતાએ ખર્ચી નાખવાનો વિચાર કરતાં તથા ખુશી થતા જણાય છે.

"જ્યારે બીજા દ્રષ્યમાં આ દેશની કંગાલ સ્થિતિનું દર્શન કરાવનાર એક કંગાલ સ્થિતિમાં મરણ પામેલા વૃદ્ધના શબપર તેના બે નાના અનાથ બાળકો કલ્પાંત કરતા જણાય છે.

દિશાઓ આવું એક અજ્ઞાન અને બીજું કરૂણ ચિત્ર જોઈ જ્ઞાનીઓ અને ધનવંતો પર ક્રોધિત થાય છે, ત્યારે મહાદેવી ભારતી તેમને શાંન્તવન આપતાં કહે છે કે ?

એજ મારાં અજ્ઞાન બાલુડાઓ સુધરશે અને મારી દિવ્ય કિર્તીને ચોખુટ પૃથ્વીમાં ઝગમગાવશે.

જેને અંતે દિશાઓ પણ અનુમત થઈ ભારત સંતાનોને "સ્નેહે સપીજંપી ભારતના સંતાન દિવ્ય કિર્તીવાન સદાપામો સન્માન."

એ ઉપદેશાત્મક વાક્યો સંભળાવી અદૃશ્ય થાય છે અને ત્યાર પછી દ્રશ્ય ફેરવાઇ ભારતીએ બતાવેલ વૃદ્ધનું શબ તથા બાળકોના સ્થળથી આ પ્રયોગની શરૂઆત થાય છે.

પ્રવેશ પહેલો.

સ્થળ-જંગલના રસ્તા ઉપર ગરીબની ઝુંપડી-રાવબ્હાદુર આનંદ મંગળનો પુત્ર વિનયકાંત તેના મીત્ર ધનપ્રસાદ સાથે તેના બાપની ખુશાલીનો પ્રસંગ ઉજવવા બહાર નીકળી પડયો છે અને

આવું પીવું મોજ માણવી એજ આપણું કામ
કાલ સવારે કાળ આવશે તો, રામ બોલો ભાઇ રામ.

એ ફક્કડ શ્રીમંતપુત્ર ઉદ્‌ગારથી આગળ વધતાં તેને કાને આ કરૂણ ધ્વની ગાથડાય છે.

અમ દીન બાળકનો હવે કોઈ નથી ઉપાય,
ત્રિલોક પાળક તતકે શ્રી પ્રભુ કરજે સહાય.

આ કરૂણ સ્વથી વિનયકાંતને તે દીન બાળકોને પોતાની તૂલના સાથે મૂકતાં દેશની દીનતાનું ભાન થાય છે, અને ધન-પ્રસાદને ત્યાં જઇ તેઓની દાદ લેવાનું સુચવે છે. પણ માત્ર ધનવૈભવનો પ્રસાદી ધનપ્રસાદ તેથી ઉલ્ટો જાય છે એકુના વાદ વિવાદ પાછી વિનય (આપ્રયોગનો નાયક) સ્વદેશ સેવા માટે સંપૂર્ણ અડગ થાય છે. જ્યારે ધનપ્રસાદ તેને ત્યાગી જાય છે. અંતે વિનય તે અનાથ બાળકોને પોતાની સાથે તેડે છે, અને વૃધ્ધના શબની વ્યવસ્થા કરવા કહે છે, રૂદ્રનો દેખાવ અને આશીર્વાદ. ટેબ્લો.

પ્રવેશ બીજો,

સ્થળ-વિનયકાંતના ગૃહનો એક ભાગ—શ્રીમંત પુત્ર વધુ વિનયકાંતની સ્ત્રી સુમતી આજ ખુશાલીના પ્રસંગે કંઇપણ ઇનામ ન મળ્યુ માટે પતિથી રિસાવાનો નિશ્ચય કરે છે. વિનય આવતાં રિસાયેલી સુમતિ ગંભીર શૃંગારમાં; પતિનું કાંઇક જુદુજ સ્વરૂપ જોઇ તે અનાથ બાલકોની માતાનું સ્થાન લે છે અને પીતાજી પાસે ઇનામમાં એ બાલકોનુંજ પોષણ યાચવું એ નિશ્ચયથી માન પાનની પાર્ટી તરફ જાય છે.

પ્રવેશ ત્રીજો.

સ્થળ-પાર્ટી માટે સજેલો રાવબહાદુર શેઠનો હોલ—રાવબ્હાદુરનો ખુશામતિઓ નીચ નોકર હિતેચ્છુ પોતાની કલિષ્ટ કારકીર્દીના પરિણામમાં ફુલાઇ. માતાવિના ઉછરેલી

રાવબહાદુરની અસંસ્કારીને ઉચ્છૃંખલ પુત્રી તરફ લક્ષ્ય દઇ નીચ વિચારો ઘડે છે જ્યારે આપણાં આનંદ મંગળ શેઠ— "વાહ બની ગયા રાવબહાદુર" એ ઉદ્ગારોથી હરખાતા જીવલા નામના સુરતી નોકર સાથે ગુસ્સામાં રમુજી સંવાદ ચલાવે છે, પાર્ટીના મીજમાનો આવતાં જાતજાતનાં પીણાઓ અને નાયકાઓના નાચરંગ ચાલે છે પછી દેશ પ્રેમી દંપતિ આવી ધનાશ્રમ માગતાં અનાથ બાળકોપરથી આપદીકરામાં વાંધો થઇ હિતેચ્છુના પ્રપંચથી બેઉ, વિનય સુમતીને શેઠ ઘર ત્યાગ કરાવે છે.

પ્રવેશ ચોથો.

સ્થળ–મંગળ ગાર્ડનનો ભાગ–રાવબહાદુરની પુત્રી શ્રીમતીને પરણવાની તીવ્ર ઉત્કંઠા ધરાવનાર ધનપ્રસાદનું તથા શ્રીમતીનું ટેનીસ ગ્રઉન્ડ પરથી વિશ્રાંતિ લેવા આવવું શ્રીમતીની તથા સાહેલીઓની મીઠી પણ માર્મીક મશ્કરી.

પ્રવેશ ૫ મો.

રાવબહાદુર શેઠનું દીવાનખાનું—તુલના દ્રષ્ટિ વિના માત્ર ખુશામતનેજ આધારે ચાલતા કેટલાક છાપાઓએ રાવબહાદુર શેઠના વખાણ તથા ફોટા છાપ્યા છે જે પર ફીદાગીરી જાહેર કરતા રાવબહાદુર શેઠ 'હાયરે મારા છાપારે વોયરે મારા છાપા' એવી ઘેલછામાં ખુશી થતા જણાય છે. પણ જીવલા દ્વારા ઇંગ્લીશડ્રેસમાં એક પારસી ગાર્ડ આવવાની ખબર મળતાં વાતચિત માટે ગભરાઇ જાય છે. અને સાહેબ સાથે વાત ચીત કરવાની ઇંગલીશ

એટીકેટ જીવલા પ.સેથી શીખી ગાર્ડ સાહેબ આવતાં છાબછલ મ પ્રયોગથી કંઈ ઓરજ રમુજ આવે છે.

પ્રવેશ છઠ્ઠો.

સ્થળ—જંગલ વિનયની ઝુંપડી—દેશના અનાથ બાળકો માટે દુઃખી બનેલું જોડું આજે પોતપોતાના કાર્યમાં રોકાયેલું જણાય છે. લાકડાંઓ ચીરતાં મ્હેનતથી વિનયને શ્રીમંત હાથ અટકે છે જેને વિનય યોગ્ય પણ કરૂણ શિક્ષા કરે છે એટલામાં તેની ઝુંપડીની બાજુમાં ગરીબાઇનાં દુખોથી કંટાળી લુટારૂ બનેલો બુદ્ધીહત નામનો એક લુટારૂ એક શ્રીમંતના પુત્રને દાગીનાની લાલચથી તેને મારી નાખવા લઇ આવે છે. બાળકની ચીસ સાંભળી વિનય જઇ તેને બચાવે છે અને તે લુટારુને આવી પાપીષ્ટ જીંદગી માટે બોધ કરે છે અમુલ્ય વાકયોથી બુદ્ધીહત પશ્ચાતાપ કરે છે, અને વિનયના શબ્દોને ગુરૂભાવથી માન્ય રાખી બાળકને પોતાની ખાંધપર ઉપાડી પાછો તેને મૂળ સ્થાને લઇ જાય છે આ વિચિત્ર ચિત્ર જોઇ દેશના દુઃખમાં દુખી રહેલા વિનયને શ્રીમંતાઇના છંદમાં ગરીબોને તુચ્છકારતી, તેની બ્હેન શ્રીમતી સમજાવવા માટે આવે છે ભાઇ બ્હેનના સંવાદ પછી શ્રીમતી ઉદ્દેશે છે કે ?

માન માન ઓ મુર્ખા શા માટે આ ગરિબાઇના મહા નર્કમાં પડીને પિડાય છે.

આ શબ્દોથી કંપિત અવસ્થામાં મહાદેવી ભારતી પ્રગટ થઇ દેશભકતોનું સ્વર્ગમાં સ્થાન બતાવી હૃદયવેધક નાદથી કહે છે

કે "નહીં નહી એ દેશ દ્રોહી પિશાચણી પરિણામમાં જો જો તેને માટે સ્વર્ગમાં આ સ્થન તૈયાર થાય છે. ટેબ્લો.

પ્રથમ અંક સંપૂર્ણ.

અંક ૨ જો.

પ્રવેશ પહેલો.

સ્થળ-આર્ય બાળાશ્રમ—આ પ્રયોગનો નાયક વિનયકાન્ત જાતી મહેનત અને કંઈક શ્રીમંતોની સહાયથી દેશના દીનબાળકોના દુઃખ નિવારણ અર્થે એક આશ્રમ સ્થાન ખોલી તેમને સ્વદેશ સેવાના સરળ માર્ગોનું શિક્ષણ આપે છે જ્યાં એક વિધવા પોતાના અને પોતાના પુત્રના પોષણના સ્થાન વીના કંટાળી તે આશ્રમમાં તેને મુકવા આવે છે ત્યાં પણ નિરાશાજનક ઉદ્દગાર મળવાથી છેવટના ઉપાય તરીકે પોતાના પુત્રનો ઘાત કરવા તત્પર થાય છે વિનય તેને અટકાવી તે છોકરાને પોતાના આશ્રમમાં રાખે છે અને હવે પછી જે દયા શ્રીમંતો પાસેથી ભીખ માગવા છતાં નથી મળતી તો પરાણે લેવા દ્રઢ સંકલ્પ કરે છે.

પ્રવેશ બીજો

સ્થળ-મંગળ ગાર્ડનમાંનો એક ભાગ—વિમળ લાગણીથી બાઘને સમજાવવામાં નાસિપાસ થએલી શ્રીમતી અજ્ઞાનતાએ

બાપના દુ:ખનું મૂળ કારણ પેલાદીન બાળકોજ છે તેમ માની તે બાળકોને ધનપ્રસાદથી મળી બે ફાંસીઆઓ સાથે પકડી મંગાવવાનો સંકેત કરે છે.

પ્રવેશ ત્રીજો.

સ્થળ-જંગલ વિનયનું સાદુ ઘર—સંકેત પ્રમાણે બાળકોને ઉપાડી જવા ફાંસીઆઓનું આવવું, અને બાળકોને સુમતીના હાથમાંથી ઝડપી જતાં વિનયના શિષ્ય બુદ્ધિદત્તનું આવવું અને તે ફાંસીઆઓને તેમના ગુન્હા બદલ ધૈર્ય (તે ગરીબ છોકરા) નેજ શિક્ષા કરવાનું કહે છે પણ વિનયના હાથ તળે રહી ઉંચ સંસ્કાર પામેલો ધૈર્ય તેમને શિક્ષા કરવાને બદલે શિક્ષા એટલે શિખામણ આપી છોડી મુકે છે અને જેમ પશુઓ પશુઓને મારતા નથી તેમ માણસોએ માણસોને ન મારવા જોઇએ મનુષ્યો સર્વ સરખા છે, એ ઉપદેશથી એ મહાસુત્રનું ગ્નાન કરાવે છે બાદ બુદ્ધિદતનું વિનયની પાછળ તેની મદદ માટે જવું.

પ્રવેશ ચોથો.

સ્થળ-જંગલ વિનયની ઝુંપડી પાસેનું—મોકલેલા માણસો પાછા આવવાથી શ્રીમતી અને ધનપ્રસાદ પોતે આવી તે રમતા બન્ને બાળકોને બેશુદ્ધ કરી મોટરમાં નાખી ઉપાડી જવું. ટેબ્લો

પ્રવેશ પાંચમો.

સ્થળ-રાવબ્હાદુર શેઠનું દીવાનખાનું—બાળકોને ખેલવાના ફરફરીયાંના હુન્નરપર ખુશ થઇ રાવબ્હાદુર શેઠ ફોજે ફરફરીયાં

એ નામનું છોકરા છોકરીઓનું એક લશ્કર ઉભું કરે છે અને તેના નોકર જીવલા જીવલી ને તેના કમાન્ડર બનાવી દેશનો ઉદ્ધાર કરવા બહાર પડે છે,

પ્રવેશ છઠો.

સ્થળ–મંગળ મહેલનો એક ભાગ—શ્રીમતી અને ધનપ્રસાદના લગન નકકી થવાથી ઘરની બે દાસીઓ શ્રીમતી પાસે વધાઇ માગવાંના હવાઇ વિચારો. પણ વધાઇને બદલે કડવા શબ્દો મળવાથી બંન્ને એક બીજાનો દોષ કાઢી લડી મરે છે શ્રીમતી ધનપ્રસાદ તથા સખી મંડળનો આનંદ.

પ્રવેશ સાતમો.

સ્થળ–ભવ્ય લગન મંડપ—આજે રાવબ્હાદુર શેઠને ત્યાં લગનની ધામધુમમાં મીજબાનોની મોજને ખાતર એક ઇંગ્લીશડેન્સ કરાવવામાં આવે છે, જયાં દેશના ગરીબો માટે શ્રીમંતોનો લુટારૂ બનેલો વિનય એકા એક પ્રવેશ કરી રંગમાં ભંગ કરી નાખે છે, અને આવા ખોટા ખરચો માટે સંબોધી દેશના ગરીબોની દુર્દશા માટે દયા અને મદદ માગે છે, અને જો તે સીધી રીતથી નહી મળે તો લુંટથી પણ લેવાનો પોતાનો નિશ્ચય જાહેર કરે છે કરૂણાજનક વાદ વિવાદને અંતે વિનયને સર્વ હસી કહાડે છે. જેથી વિનય ક્રોધાવેશમાં સર્વને લુટવા જતાં સર્વ તેને પકડી લેવા ધસે છે. પણ પાછળથી બુદ્ધિમત આવતાં

ગુરૂ શિષ્યના શબ્દોને સાંભળી સર્વ ડરી જઇ નાસવા મથે છે. પણ અંતે સર્વને લુંટવામાં આવે છે   ટેબ્લો

અંક બીજો સમાપ્ત.

અંક ત્રીજો.

પ્રવેશ પહેલો.

સ્થળ-રાજમાર્ગ—ગોઓન ક્વીક માર્ચ કરતું ફોજે ફરફરીયાનું લશ્કર પરેડમાં નીકળે છે જેને લઇ ફોટો ગ્રાફર ફીલમ ઓપરેટર પારસી તથા મુસલમાન વિગેરેમાં અથડામણ થઇ મારામારી થાય છે. જેમને એક વીમા કંપનીના એજંટે આવી છુટા કરી એ લશ્કરનેજ મારી નસાડી મુકાવે છે. અંતે કમાંન્ડર જીવલાને નાક ઘસાવી રાવબ્હાદુર આવતાં તેની આવી મુર્ખાઇ માટે ઠપકો આપે છે. રાવ બહાદુરને ભાન થાય છે. અને સર્વ અમે, સહુ એક ઝાડની ડાળ એ સુત્રથી સંપી જાય છે.

પ્રવેશ બીજો.

સ્થળ—મીલ કમ્પાઉન્ડ—એક મીલમાં અચાનક બોયલરના ફાટવાથી એક મજુરે પ્રાણ ત્યજ્યો, તેના શબપર વિલાપ કરતા, તેના બુઢ્ઢા બાપનું મીલ માલેકની પુત્રી નિર્મળાએ આવી શાંત્વન કરવું, અને પોષણ માટે પોતાની મોતીની માળા

આપવી, નેપથ્યમાં રહી મીલ માલેક અને વિનય કાંન્તે નિર્મળાના કાર્યની પ્રશંસા કરવી, આખરે મીલ મલેક ગરીબોના પોષણ માટે એક સંસ્થા ખોલવા નિશ્ચય પર આવવું, શબ્ને સર્વના નમસ્કાર (ટેબ્લો)

પ્રવેશ ત્રીજો

સ્થળ બંસરી નાયકાનું મકાન—વૈરની અગ્નિમાં પ્રજળી રહેલો હિતેચ્છુ બનાવટી વીલ બતાવી સુખની લાલચે રાવબ્હાદુરને મારવાનું બંસરીને હથીયાર બનાવે છે અને દારૂમાં ઝેર આપવાનું સૂચવી, પોતે શ્રીમતી અને ધનપ્રસાદને સળગાવી મુકવા જાય છે. ચંદન નામની બંસરીની ચાકરડી આ વાત જઇ વિનયને જણાવી દે છે, જે આવી રાવબ્હાદુરની શુદ્ધિ ઠેકાણે લાવી હિતેચ્છુનો પ્રપંચ જાહેર કરે છે હિતેચ્છુને પકડવા સર્વનું પ્રયાણ અને હું, હવે પાપ નહીં કરૂં એ શબ્દોથી બંસરી પણ સરલતા ધારણ કરી લે છે.

પ્રવેશ ચોથો.

સ્થળ પ્રસાદ મહેલનો રૂમ—અલાવ અલાવ ટેલીફોનથી ધનપ્રસાદ શ્રીમતીને બોલાવે છે અને મસ્ત પ્રેમી જોડું પરસ્પર શૃંગારી વિનોદ ચલાવી સુઇ જાય છે નિચ હિતેચ્છુ મોટી આશાઓમાં, ભેટી ગયેલા પેલા બે ફાંસીઆઓને પુષ્કળ ધન આપવાનું કહી મહેલને સળગાવવા અંદર મૂકી પોતે છુપાઇ જાય છે. પાછળથી વિનય વિના બાળકોની શોધમાં નીકળી પડેલી સુમતિ જીવલાદ્વારા ખબર મેળવી શ્રીમતી એ કેદ કરેલા બાળકોને લેવા

આવે છે. પણ માણસોએ લગાડી મૂકેલી આગમાં તેમને સપડા-એલાં જોઇ તેઓ બેઉ તેમને અણી શુદ્ધ બ્હાર ખેંચી લાવે છે તેટલામાં શ્રીમતી અને ધનપ્રસાદ પણ આગમાં સપડાઇ ગએલાં જણાય છે જે જોઇ તે ગરીબ બાળક ધૈર્ય, તેઓના પોષણના ઉપકારનો બદલો વાળી આપવા પોતાના પ્રાણના ભોગે તેમને બચાવવા તત્પર થાય છે અને સુમતિની સહાયથી તેમને બચાવે છે જેવામાં હિતેચ્છુ આવી તેમને અટકાવે છે પણ જીવલો તેની સાથે લડી રોકી રાખે છે એટલામાં વિનય રાવબ્હાદુર બુદ્ધીદત વિગેરે આવી હિતેચ્છુને પકડે છે પણ હિતેચ્છુ તે પહેલાં પોતાનો અંત લાવે છે .

ટેબ્લો.

પ્રવેશ પાંચમો.

સ્થળ મીલ માલેકના બગીચાનો ભાગ—વિનયકાંત અને ધૈય શીલના થોડા દિવસનાજ સહવાસથી સ્વદેશ સેવામાંજ જીવન અર્પણ કરવા ઇચ્છતી મીલ મંલીકની તરંગ મુગ્ધા કુમારી નિર્મળાના સ્વગત મનોરથ, અચાનક ધૈર્યશીલે આવી તેના વિચારો સાંભળવા બન્નેનો દેશની દુર્દશા વિષે રસભર્યો વિવાદ નિર્મળાની માતાએ છુપાઇ તેના વિચારો સાંભળવા બન્નેએ તેના વિચારોને પુષ્ટિ આપવી નિર્મળાએ ધૈર્ય શીલની જીવન સહ ચારિણી બનવા પોતાનો અડગ નિશ્ચય જણાવવો ધૈર્ય શીલની આનાકાની નિર્મળાએ દેશ સેવાના કેટલાક ગુપ્ત રહસ્યોનો સ્ફોટ કરવો આખરે પરમાત્માને પણ પ્રકૃતિનો સ્વીકાર

અવસ્ય કરવોજ પડે છે એમ જણુ.વી સ્ત્રીઓ સિવાય પુરૂષો સ્વતંત્ર કાંઇ કરી શકતા નથી એમ સમજાવી નિર્મળાએ ધૈર્ય શીલને મ્હાત કરવો. નિર્મળાની માત.એ પોતાની પુત્રીના ઉજ્વળ મનોરથો પૂર્ણ કરવા તેના પીતાને સમજાવવા જવું. નિર્મળા અને ધૈર્ય શીલનુ પ્રણુય બંધન દ્રઢ થવું.

પ્રવેશ છઠ્ઠો.

સ્થળ-મંગળ ગાર્ડનમાં મંગળ મેળાવડો—શરૂઆતમાં આર્ય બાળાશ્રમની કન્યાઓ વિનયકાંતને આશિર્વાદ આપે છે શ્રીમતી તથા ધનપ્રસાદ શુદ્ધ હૃદયથી પોતાની અજ્ઞાનતા માટે પશ્ચાતાપ જાહેર કરે છે અને રાવબ્હાદુર શેઠ પણુ પસ્તાઇ વિનય સુમતિને પાછા પોતાના ખરા હકદાર વારસ જાહેર કરે છે, મીલ માલેક પોતાની પુત્રીનો ધૈર્ય સાથે સંબંધ જોડી તેને પોતાનો ભવિષ્યનો વારસ ઠરાવે છે, છેવટે સર્વ મેળાવડા તરફથી વિનયકાંતને મુબારકબાદી આપે છે અને સર્વ સ્વદેશ સેવાના માર્ગપર આવેલા જોઇ આનંદ આનંદ પ્રવર્તિ રહે છે.


સમાપ્ત.

શાંન્તિ. શાંન્તિ. શાંન્તિ.

સુધરેલા જમાનાની છેલ્લી ફેશન

મગને ભાવે મરી.

મ્હોટા ડીચકા અને ડોબરા જેવા ઘડીયાળો વાપરવાનો જમાનો ચાલી ગયો છે. માટેજ હાથમાં શણગાર રૂપ નાજુક બ્રાસલેટ સાથે "રીસ્ટ વોચ" વાપરો. આ ઘડીયાલો છેલ્લામાં છેલ્લી ફેશનનાં, નીકલનાં, સીલવરનાં રોલ્ડ ગોલ્ડના, છીપના, સોનાનાં ઘણી જાતના



બનાવેલાં છે

		સીલેન્ડર	લીવર
૧	નીકલ બ્રેસલેટ સાથે	રૂ. ૭-૦-૦	રૂા. ૧૫-૦-૦
૨	સીલવર ,, ,,	,, ૧૦-૦-૦	,, ૧૮-૦-૦
૩	નીકલ રેડીયમ ,,	,, ૧૩-૦-૦	,, ૨૦-૦-૦
૪	સીલવર રેડીયમ ,,	,, ૧૩-૦-૦	,, ૨૩-૦-૦
૫	રોલ્ડ ગોલ્ડ બ્રેસલેટ વગર	,, ૧૨-૦-૦	,, ૧૮-૦-૦
૬	રોલ્ડ ગોલ્ડ રેડીયમ	,, ૧૫-૦-૦	,, ૨૦-૦-૦
૭	સોનાના	,, ૧૮-૦-૦	,, ૩૦-૦-૦
૮	સોનાના રેડીયમ	,, ૨૨-૦-૦	,, ૩૫-૦-૦
		ગેરંટી વર્ષ ૪	ગેરંટી વર્ષ ૫

તે સિવાય ખીસાના નાના મોટાં દરેક જાતનાં મનપસંદ ઘડીયાલો કીફાયત ભાવે મળશે.

શ્રી સેવીંગ્સ વોચ કંપની અને માસ્તર વોચ ડીપો.

શ્રી ચીમનલાલજી મહારાજના મંદીરની સામે

ભુલેશ્વર, મુંબઇ નં૦ ૨,

સ્વદેશ સેવા નાટકના ગાયનો.

સ્તુતી.

બાળાઓ—

હે જગના નાયક તુહીં
વચન તુજ વાણી દાયક
ચરણ શરણ ગૃહી આજે—હે
દીન બાળ ઉમંગે યાચીએ
કરી અમપર મયા પ્રેમદયા
નુતન આ કાર્યમાં સફળતા પામીએ
વામીએ વામીએ વિઘ્ન સૌ—હે
અંતર આશા અત્તનીી, ઉંચ્ચ ધર્યો આ દેશ
સફળ થવાને સ્નેહથી, પુર્ણ કરો પરમેશ
રંગજે રંગમાં સ્નેહીના સંગમાં
અંગમાં એ ભાવનાઓ ભરજે—હે

દેવીઓ— ૧

સ્નેહે સંપી જંપી ભારતના સંતાન
દિવ્ય કીર્તીવાન સદા પામો સન્માન
માતૃ ભુમી પ્રેમ જ્યોત જગમાં પ્રગટાવજો
દેશહિત દેશદાઝ અંતર વિકસાવજો

કંઇ ધ્યાન સાન ધારી
નીજ દેશને વિચારી
ગજાવી વિજય ડંકાને ભારતીના ગા :—દિવ્ય

વિનય, ધનપ્રસાદ— ૨

ઓયસ આજે બસ જઇએ પ્રીતે પ્લેઝર કરવા
ઓલરાઇટ અન્જોય મેન્ટ ડેઆ ફક્કડ થઇને ફરવા
સરટન અવસર આનંદનો અંતર પુરણુ ભરવા
તનમન ખુશ—અંતર ખુશ—
રમ્મત કરવા ગમ્મત ફરવા હુરરરા હુરરરા
અહ્રા મજા—વાહવા મજા—ઓયસ

સુમતી— ૩

ભોળી જગે ભામિની
નર નગુણા થઇ ઠગતાએ કામિની—ભોળી
પ્રેમથી પુજીએ પતી દેવ જાણી
છળથી ભરેલાએ છળથી ભરેલા તો એ
વિવશ વિશ્વમાં એ સ્વામિની—ભોળી

સુમતી, સખીઓ— ૪

અલી આમ રિસાઇએ સમય નીહાળી
નાવલીયાની સંગે
પછી આવી મનાવે ભિન્ન ભિન્ન ભાવે
છણુકીએ મદનના જંગે

વાહવાહ—સાંભળ

વદન હસ્તું કરી ચંચળ નયનો (પછી)
મધુર શબ્દ મરમાળા—હાં હાં
માન મહીં મરડાતા જાતાં
છળીએ શ્યામ રસાળા

એમ........હા........અલી

કરગરતા જો આવે કંથ તો છલંગ ભરીએ છેટી
ના. ના ત્યારે
બહુ તાણુતા તૂટે માટે ભાવે જઇએ ભેટી
ઠીક—ઠીક—અલી

ધૈર્ય, શાંન્તી— ૫

પ્રભુ આપ સમા નર સહુ કરજો
અમ દીનની દાઝ દીલે ધરજો
બની તારક અન્ય પછી તરજો
સહુ ભારત આ અંતર ભરજો

સ્નેહ દયા સંભાળ દુઃખીની
કોડ ઘણું પુન્ય કાર્ય અણું
જીવનનું સાફલ્ય આ જગમાં
સેવન છે નિજ દેશતણું—

આનંદમંગળ ૬

વાહ બની ગયા રાવબહાદુર, દુનિયામાં કાઢયું નામ
અકકડ ફકકડ થઇ ચાલીશ ને સહુ કરશે સલામ
સરકાર અને દરબારે પુછશે મને તમામ
યસ સર નો સર ને વેલ સરેથી કરીશ સઘળાં કામ
નામે શું વધ્યું નુર બન્યા રાવબહાદુર
લ્હેર તનમાં મનમાં જનમાં બન્યા રાવબહાદુર
હું રોફમાં ભરપુર છે કોણની મગદુર
ચપટીમાં કરૂં ચૂર બન્યા રાવબહાદુર

બંસરી તથા છોકરીઓ:— ૭

સ્યેંતો હારી. અરે હાં.
સારી રતિયાં ચયેન ન દેવે મોહે સાંવરા—
સ્યેંહું બાલી ભોલી ભાલી સુનરીઆલી રતિયાં
ચયેન—

કુચ્છ બોલ કાનમેં બતીયાં
લલચાવે ભોલી મોરી છતીયાં
જુઠ ભેજે પ્રેમકી પતીયાં

મુરઝાવે મતીયાં—ચેંહું બાલી
અયસે નિરંકુશ નાથકી ના સેજ પર મેં જાઉંગી
યે પ્રેમકી પીડા બદલ, બસ આજ હી વિષ ખાઉંગી

શ્રીમતી. ધનપ્રસાદ સખીઓ—૮

મારા મનગમતા મ્હેમાન
ચતુર થઇ આજ પુરા હાર્યાં
શું હું હાર્યો
હાં. હાર્યા હાર્યા હાર્યા.
અંગ ઉમંગ ધર્યો અતિશય આ
ગહુન થવા મનગેલ
પરિશ્રમ પૂર્ણ સહ્યા તનપર પણ
ખોઇ બેઠા છો ખેલ
કહો. હાર્યા
હા. હાર્યો. હાર્યો. હાર્યો. ચતુરથઇ
ચતુરાથી હાર્યો હું આજે નિપુણ થઇને નિત્ય
એમજ પુરૂષો પર પણ થાશે સ્રીની જગમાં જીત
એમ, હા—ચતુર થઇ

ધનપ્રસાદ. શ્રીમતી સખીઓ—૯

વર્ષા ઋતુની વાદળી જેમ મેઘને મળતાં
બની એકરસ જલધાર પ્રેમે પૃથ્વિપર ઢળતાં.
પ્રેમી હૃદય નિજ પ્રેમી પાસે પ્રિનમાં ગળતાં.

સુખ સ્વર્ગનાં ત્યાં તુચ્છ જ્યાં મન પ્રેમીનાં મળતાં.
સ્વીકારજો શાણા આ મીઠી મ્હેમાની
સંભારજો શાણા આ આજની નીશાની.
હાર્યા નથી જરાય જીત્યા છો જાણજો
સ્નેહભાવ આવો સદાએ નિભાવજો.
સારૂં ભાળો તો પાછા રમવાને આવજો.
હું વાત કરીશ હિલડાની છાની—સ્વી૦

આનંદમંગળ— ૧૦

હાયરે મારાં છાપાં રે વોયરે મારાં છાપાં
તેંતો કરી નાંખ્યો મને પ્રખ્યાત મારા બાપા
છાપા તેંતો મારૂં નામ છાપીને
નવે ખંડમાં નામરે-કીધું—
આ રાવબ્હાદુર ના ગુણ હવેતો
ગવાશે ગામો ગામરે—હાયરે
કોઇ ન જાણે બાત ર્‌હેડીથી
ઉતરી આવે આપરે—ભાઇ
પણ છાપા તુંતો છેલ છબીલો
બાપનો મોટો બાપરે—હાયરે

આનંદમંગળ. હિતેચ્છુ. જીવલો ૧૧

છેક છાહેબાને જોઇ ગભરાયો
તીવારે મારે હું કરવું.

જાણે જોઈ લેવું ઢોર હડકાયું.
તીવારે મારે હું કરવું.
પછી વિલાયતી વાતચીત હારી હીખાડી
મેં હારી હીખાડી
અલ્યા જંગલી તેં આબરૂ બગાડી
મારે તે બ્હાર કેમ ફરવું.
(છે ગદ્ધો તું ઢેમપુલ જંગલી સદાનો)
(તારે મોટો ગવન્ડર તું કાંનો)
બસ ચૂપ—જા—અલ્યા જંગલી

ધૈય શાંન્તી— ૧૨

જય તાત જય તાત
પાલક આનંદકર
તું જગત પ્રતિપાલ
છે તું સચરાચર
તેજ પ્રગટ તારૂં
અજર અમર ભૂતગ
(છે) તું મંગળ કારી
સ્વર્ગ તુજ સ્મરણ પર

અંક પહેલો સમાપ્ત.

અંક બીજો.

અનાથ બાળકો— ૧૩

આવો ભારતના સંપીલા સંતાન
મળી ગાઓ ગુણગાન
અવનીમાં ઉત્તમ ઉત્તમ આદેશ
કંચન રસ ઝરતો પ્રદેશ.
કડડધૂમ કડડધૂમ કડડધૂમ
ગજવો વિજયના નાદ
તજી મીથ્યા વિખવાદ
ધરો ઉર ઐકયતા એમાંજ ઉન્નતી સદા
સંપ જંપ દેશમાં પ્રેમ ક્ષેમ માનતા;—સંપીલા

શ્રીમતી— ૧૪

દીન દીન કરી દેશ દેશ
વ્યર્થ ધર્યો રંક વેશ.
કરી સંગે મુજ કલેશ કલેશ—દીન૦
બંધવ કેમ જાય.
ત્યાગી વૈભવ સહુના સહેવાય
કરી મમ સંગમાં કલેશ કલેશ—દીન૦

શ્રીમતી ધનપ્રસાદ— ૧૫

પ્રેમશીરોમણીરંગરસભીના મુગટમણી મારા
વિમળ અચળ મમ સ્નેહ અર્પી કરૂં નયનોના તારા
મધુરા તારા શબ્દ રસાળા કામણુ કરનારા
ક્રૂર હટોજી તન પર ધસતા પ્રપંચ રમનારા
વાહ વાહ—પ્રેમ
ચપળ વદનના સરળ વચનમાં છળથી છળનારા (છોજી)
પ્રાણુ જીવન ધન અર્પણુ તુજપર તું મુજરસ ધારા
મોહ ભરેલા છો મદઘેલા તનમન હરનારા—વાહ

ધૈર્ય— ૧૬

સજેલા શ્રી પ્રભુજીએ મનુષ્યો સર્વ સરખા છે.
નથી કોઇ ઉંચ કે નીચા જીવનતો સહુનાસરખા છે.
પ્રભુજીની જગતવાડી તણું પુલડાં સહુ જીવો
સુગંધીથી ભરેલા સહુ સમજીએ તોય સરખાછે
વિષમ આ વિશ્વનો વાયુ—કરે જીવ ક્રોધીને ઘેલા
નમનકરદોષ માનવનો સકળ આત્માઓ સરખા છે,

આનંદમંગળ— ૧૭

ફરો ફરોરે મારાં ફરફરીયાં,
ફરફરીયાંરે ફરફરીયાં—ફરો૦
તમને જોયાથી છે મોટું માન,
તમથી ઉછળે છે દેશાભિમાન;

તમથી લાગ્યું છે મારૂં તાન,
રૂડાં હિંદુસ્તાનનાં હુન્નરીયાં—ફરી૦

આનંદમંગળ-જીવલો— ૧૮

આ ફરફરીયાંથી થશે આપણા દેશ તણો ઉદ્ધાર,
જીવલા સાચું કહું નીરધાર.
છેટજી લશ્કર પણ તૈયાર લેફટરાઇટ લેફટરાઇટ લેફટરાઇટ
વાહ-વાહ
વિદેશોની પણ હુન્નરથી છે કીર્તી પારાવાર
આ ફરફરીયાંથી કરવા બેઠો કીર્તી અપરંમપાર
શું બોલ્યો.
આ ફરફરીયાંથી થશે આપણાં દેશ તણો ઉદ્ધાર,
વિજય આપશે ફરફરીયાં આ કરશે બેડો પાર,
આ ફરફરીયાં ફરશે નહીં તો બસ વાગ્યા આપણાબાર
શેઠજી વાગ્યા આપણા બાર
લેફટરાઇટ લેફટરાઇટ લેફટરાઇટ
વાહ-વાહ—આ૦

શ્રીમતી— ૧૯

ટહુકી કોકીલારે
પીડા અંતર એ પ્રેમની જગાડનારી કોકીલારે,
વીરહીને બરછી નીશાન બાણ મારનારી કોકીલા.
કલરવ ઉલ્લાસે કરતી

ઝરણું આનંદનું ઝરતી
દર્દી દીલડાંના હણી
પ્રાણબાણુ મારનારી.

શ્રીમતી સખીઓ.... ૨૦


સહુણી તન યોવનના વન ઉપવનમાં
આજ મદન ઝુલે
બોલતાં ભાન અલી ભુલે
પ્રીયકર સુંદર વરકર ધરવા તનઅંતર પુલે—પ્ર.
રસ સરવર પર મુદ ભર તરવા.
હૃદય કમળ તુજ પ્રફુલીત કરવા
મદન પુવારા નયનો તારા
જાઓ જાઓ આ શીકેલી
પજવો શીદને સાહેલી—પ્રિય.

શ્રીમતી ધનપ્રસાદ— ૨૧

જાઓ છેક શું શરમાદો
કરી આમ અટકચાળા
જાણ્યા સકળ ચતુર ચાળા
શરમાળા મરમાળા
રૂસોમમ હૃદય કળી હાં
ગયું દીલ પ્રેમે ગળી
છળવા ભોળી કળી આશું વળી
શબ્દ સૌ રસાળા—જાઓ

શ્રીમતી-ધનપ્રસાદ-સખીઓ— ૨૨

લેવાને આનંદ સ્નેહીને સદન આવશું,
ભાવે પ્રેમીને અંતર ભાવશું—લેવાને૦
મીઠાં શબ્દ પ્યારા શામંદ હાસ્યવાળા,
અમે હેતે હસીને હસાવશું,
સજ્જ સહુ રહેજો અલી
સ્નેહથી સમજી,
વાહવાહજી એતો ઉપકાર,
અમ સખીના પ્યારા,
આ............આ............લેવાને.



અંક ત્રીજો.

જીવલો-લશ્કર— ૨૩

ગોઓન લેફ્ટરાઈટ લેફ્ટરાઇટ લેફ્ટરાઇટ
ઓયસ ઓલરાઇટ ઓલરાઇટ ઓલરાઇટ
ફરફરીયાંના લશ્કરીયાં.
ચેમલી ટીહલી સીધી બેસો,
તૈયાર અમારાં અફસરીયાં—ગોઓન.
આ ફરફરીયાં ફરના માથે હથીઆર ધરીએ હાથે,
ચાલો સર્વે મળી સાથે;
કવીક માર્ચ—વન—ટુ—થ્રી—ગોઓન.

સર્વ ૨૪

અમે સહુ એક ઝાડની ડાળ
નથી જુદાઈ અમે સહુ ભાઈ એક માતના બાળ
હિંદુસ્તાન છે દેશ હમારો ભારતી માત અમારી
નવ કરીએ તેને માટે આ જાન અમારી પ્યારી.
હિંદુ મુસલમાન પારસી યહુદી ખ્રિસ્તી જાત અનેક
જાત જુદી છો રહી અમારી, પણ અંતર છે એક

બંસરી આનંદમંગળ ૨૫

જાશો મનેના વિસારી
હું તો છું દાસી તમારી
મોહ્યો હું તો મનોહારી

નવેલી પ્યારી તું મારી
નયનોના શરથી તેં ઘાયલ બનાવી
મુજને નાંખ્યો મારી એ બંસરી
વાણી મહીં વિંધાણી છું વ્હાલા
હું તો તમારાથી હારી
મધુરા સુરની બંસરી તું પર
નાગ બની હું ડોલું.
છેક નહીં શરમાવો શાણા
બળ્યું નહી હું બોલું
મારા સમ. મારા સમ.
લાગી તાલાવેલી તારી. નવેલી પ્યારી તું મારી

બંસરી— ૨૬

હું હવે પાપ નહી કરૂં પ્રભુથી ડરૂં
સરળતા રમરૂં, વિમળતા વરૂં, જેથી ભવતરૂ.
જીવનનું મમ સાર્થક થાયે,
દુષ્ટ કૃત્યથી દૂર થવાયે;
ભક્તિમાં મુક્તિજ મનાયે,
પણું એજ હું પંથ સહાયે.
ત્યાગી જુઠ માયા આ જગની,
ધર્મ મહીં મન ધરૂં—હું૦

ધનપ્રસાદ શ્રીમતી— ૨૭

જીવનના જીવતનું જીવન અલૌકિક ઔષધનું સેવન
'છે એતો એક રસિક ચુંબન
નથી એ મધુર લલિત ચુંબન
છે એતો રસિક હૃદય બંધન
નહીં !
યૌવન વસંત પરાગતણી અનુરાગ ભરીકળીઓ ખીલતી
જીવન પ્રભાતે રસિક ભ્રમર નરને જો કદી ચુમવા મળતી
જીવન તણી લ્હાણી તોજ ફળતી દિવ્ય સિધ્ધી ત્યાં સાપડતી
નાજી ભૂલ થાય છે. ત્યારે
વસંતપ્રભાતે શરદ નિશાએ મધુકર કળી ચુમવા જાતા
કળી બીડાતાં પાંખ કપાતાં અંતરમાં અતી પસ્તાતા
પછી તમે શાને હરખાતા ચુંબને ખાલી બંધાતા

નિર્મળા— ૨૮

હા પુછશોના કોઇ પુછશોના
મ્હારા અંતરની ભાવનાને પુછશોના.
અમે રડતાં તો રડવા ચલે દેજોરે,
આંસુ કોઇ લુછશોના—કોઇ
ઉરના સાગરે કંઇક ભરતીઓ આવે,
હૈડાના જલને એતો ઉંડા હલાવે,
સ્નેહ તણાં રત્નતળે આછાં છુપાવે,
તેને કૃપા કરીને કોઇ ચુંથશોના— મ્હારા.

નિર્મળા ધૈર્ય ૨૯

મમ ઉર સરના રમનારા
મમ માર્ગ સરળ કરનારા
મ્હારા રમ્ય જીવન આ દેશ.
તવ દિવ્ય મનોરથ બાળા
મ્હારાં વચન મુગ્ધ મરમાળાં
પ્રેરે ઉંડા જીવન સંદેશ
તરસ્યા અંતરમાં રસભરવા
દીન હીન જનના બંધુ બનવા
સ્નેહ વિમાને દિવ્ય દેહધારી
ફરશું દેશો દેશ—

બાળાઓ— ૩૦

હિત ચીંતક દેશતણા પ્રિય આજ વધાવો,
નિજ માતૃ ભૂમીને કાજ સ્વદેશ જગાવો.
યશ લ્હાવો જય થાઓ.
ગુણીજન માંહે ગુણ ગાન રૂડાં ગવરાવો,
કરી કુમ કુમ તિલક રસાળાં.
દે આશીષ સહુ દીન બાળા,
ગુણ શાળા ધરી માળા,
તન મન હરજો, યશને વરજો,
મંગળ મય દેશ વિચરજો.—હિત.

સર્વ— ૩૧

સકળ ભારત વાસીઓ નિત્ય સુખ સંપતી પામજો
કુબુધ્ધી ક્લેશ કુસંપને ન્હેમો વિનાશક વામજો.
શુભ સ્વર્ગની વાડી સમો અમદેશ પ્રભુ દીપાવજો
ભારત તણાં સંતાન કીર્તી ચોદીશે પ્રકટાવજો

શાંન્તીઃ શાંન્તીઃ શાંન્તીઃ

સમાપ્ત

નિશાળોપયોગી ફ્રૉબેલની બક્ષિસો, ચિત્રો, નકશાઓ મળશે.

દેલવાડાકર કિન્ડરગાર્ટન-સ્ટોર્સ.

૧. મૂળાક્ષરો (પદ-વાક્ય) શીખવવાનું બોકસ રૂ. ૧-૦
૨. મૂળ ભાગ (સચિત્ર) પહેલી ચોપડી દરેક ૦-૨
૩. આંક-અક્ષર શીખવાનું મણકાનું બોકસ ૦-૧૨ થી ૨-૪
૪. હિસાબ શીખવવાની મણકાની ઘોડી ૧-૧૪ થી ૭-૮
૫. સ્લેટો પથ્થરની (મણકા જોડેલી) ૦-૧૨ થી ૧-૮
૬. સ્લેટો પથ્થરની આંકેલી-ડબલ મોટી ૨-૪
૭. સ્લેટો કાર્ડ બોર્ડની આંકેલી ૦-૮
૮. સ્લેટો કાર્ડ બોર્ડની મોટી-ઘોડી સાથે ૧-૪ થી ૨-૮
૯. ચિત્રો (સ્લેટ-કાગળ) પર પાડવાનાં બોકસ (સચિત્ર) ૧-૨
૧૦. „ (રંગ પેનથી) પાડવાનાં બોકસ „ ૧-૮
૧૧. „ (મોડેલથી) પાડવાનાં બોકસો „ ૨-૧૦
૧૨. ચિત્ર બુકો (૭ રંગો સાથે) તરેહવાર ૦-૧૨ થી ૨-૮
૧૩. રંગાકારનાં બોકસો (પીગર લેમ્પિંગ) ૦-૧૨ થી ૨-૮
૧૪. ચિત્રો ગોઠવવાનાં પઝલ બોકસો ૦-૮ થી ૪-૮
૧૫. બીલ્ડીંગ બોકસ (નમુના સાથે) ૦-૧૨ થી ૨-૪
૧૬ પશુ પખીઓના કાર્ડ-પેકેટ (૪) દરેકના ૦-૧૨
૧૭. મીકેનીકલ એનામલ્સ નં ૧ થી ૮ દરેકના ૧-૧૨
૧૮. A. B. C. લેટર પીસીસ ૦-૧૨ થી ૨-૧૨
૧૯. „ વર્ડ બીલ્ડીંગ (ઘોડી સાથે) ૧-૧૨
૨૦. „ પિક્ચર બોકસ અને બ્લોકસ ૧-૮ થી ૩-૮
૨૧. „ સચિત્ર બુકસો તરેહવાર ૦-૨ થી ૨-૮
૨૨. કિન્ડર ગાર્ટન બક્ષિસ ૧ થી ૬ સુધી ૧૦-૦
૨૩. કિન્ડર ગાર્ટન ગુજરાતી ગ્રંથમાળા ૪-૦
૨૪. ભરત ચિત્રનાં બોકસ ૦-૧૦ થી ૨-૪
૨૫. દુનિયાના સિક્કા (વાનટા સાથે) કાર્ડ દરેકના ૦-૪

જાહેર ખબર.

નીચે લખેલા પુસ્તકો શ્રી આર્ય નૈતિક નાટક સમાજ મુકામ જ્યાં હોય ત્યાંથી મળશે. માટે જેઓ સાહેબને જોઇતાં હે તેઓએ રોકડી કીંમતે મગાવી લેવાં. વી. પી. થી મોકલવા આવશે નહી.

ચોપડીનાં નામ			કીમત રૂ. આ. પ
૧ આર્યવિજય નાટકના ગાયનો	...	...	૦–૨–૦
૨ અમર યોગીંદ્ર ...	... .	...	૦–૨–૦
૩ બાદશાહી હીસ ...	... .	...	૦–૨–૦
૪ પ્રતાપી એમિલા (ભાષણ સહિત)	...	...	[illegible]
૫ ચિતોડનો કરણ	,,	...	
૬ કામલતા	,,	...	
૭ સત્યવાદી હરિશ્ચંદ્ર	,,	...	
૮ વસુંધરા યાને બેધારી તલવાર	...		
૯ [illegible] વિશ્વામિત્ર	(આવૃત્તિ		
૧૦ સ[illegible]	(,,		૦–૨–૦
૧૧ પરશુરામ	(,, ૭ મા)	...	૦–૨–૦
૧૨ ઇન્દ્રાવતી	(,, ૭ મા)...	....	૦–૨–૦
૧૩ સરસ્વતી ચંદ્ર	(,, ૯ મા)...	...	૦–૨–૦
૧૪ સતી તોરલ	(,, ૫ મા)...	...	૦–૨–૦
૧૫ પુત્રરત્ન પુંડલીક	(,, ૪ થા)...	...	૦–૨–૦
૧૬ સતી પદ્માવતી (યાને જયદેવ)	(આ. ૨ જી)	...	૦–૨–૦
૧૭ સૂર્ય કુમારી (આ. ૬ ઠી)...	...	...	૦–૩–૦
૧૮ સ્વદેશ સેવા	(આવૃત્તિ ૧ લી) ...	...	

નકુભાઇ કાલુભાઇ શાહ.

માલીક શ્રી આર્ય નૈતિક નાટક સમાજ.